સિદ્ધપુરમાં પરંપરાગત કાર્તિકી પૂનમનો લોકમેળો યોજાયો

ઊંઝા, તા. ૬

ભારત વર્ષના હિન્દુતીર્થ સ્થળોમાં માતૃગયા તરીકે જાણીતા સિદ્ધક્ષેત્ર સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના તટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે કાર્તિકી પૂનમનો ભવ્ય લોક મેળો યોજાયો હતો.

કાત્યોકના હુલામણા નામથી ઓળખાતા આ મેળામાં દેવ દિવાળીના રોજ કુંવારકા યાને પવિત્ર સરસ્વતી નદીમાં સ્નાનક મહાત્મ્ય હોઈ હજારો શ્રદ્ધાળુઓએ નદીના ડેમમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. દેવોના મોસાળ, સંતો, ઋષિમુનીઓ તેમજ આનર્તના અવધૂત પૂજ્ય દેવશંકર બાપાની પવિત્ર ભૂમિ એવા માતૃ તિર્થમાં પૂનમના રોજ સરસ્વતી નદીની સાથે ગંગા અને યમુનાના પવિત્ર જળનો સુભગ ત્રિવેણી સંગમ થાય છે. આ દિવસે નદીના જળમાં સ્નાન કરવાથી પુણ્ય મળે છે. તેવો હિન્દુ શાસ્ત્રોમાં ઉલ્લેખ હોવાથી મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો.

આ મેળામાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યમાંથી પધારેલા ભાવિકજનો શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યા બાદ ઘણા શ્રદ્ધાળુઓ યાત્રિકોએ પોતાના મૃત સ્વજનનોના મોક્ષ માટે બ્રાહ્મણો પાસે તર્પણ વિધિ કરી હતી. અત્રેના સુપ્રસિદ્ધ બિંદુ સરોવરમાં પણ અસંખ્ય શ્રદ્ધાળુઓએ શ્રાદ્ધ પીંડ અર્પણ કર્યા હતા. આ ઉપરાંત પૂનમની રાત્રે નદીના જળમાં દિવડાઓ તરતા મુકવામાં આવ્યા હતા.

વૈદિક સંસ્કૃતિના અતિપ્રાચીન નગરની નદીના કિનારે સદીઓથી ભરાતા આ મેળામાં દર વર્ષે શ્રદ્ધાળુઓ અને યાત્રિકોની સંખ્યા વધતી જાય છે. શ્રદ્ધા અને ભક્તિના અનેરા વાતાવરણમાં ઉત્તર ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકજનો ઉમટ્યા હતા.

આ મેળામાં ઊંટ, ઘોટા, ગધેડા જેવા જાનવરોનું બજાર ભરાય છે. જેમાં ઊંટની સૌથી વધુ લે-વેચ થાય છે. જાનવરોના બજારમાં રાજસ્થાનમાંથી સારી ઓલાદના ઊંટો અત્રે વેચાણ અર્થે આવે છે. જેની ઊંચી કિંમત બોલાય છે વધુમાં લીલી શેરડીનું મોટા પાયે વેચાણ થાય છે. ગુજરાતમાં હેવ નજીકના એક બીજા સ્થળેથી માલોની હેરફેર કરવામાં ઊંટલારીનો ઉપયોગ ઘણો ઓછો થયો છે. અને તેનું સ્થાન લોડિંગ રીક્ષાઓ મિની ટ્રકોએ લેતાં આની ઊંટ બજાર પર અસર પડી છે. મેળાને અનુલક્ષીને પાલનપુર અને મહેસાણા એસ.ટી. વિભાગ તરફથી એક્સ્ટોર બસો દોડાવવામાં આવી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્માના ભૃગુરૂષીના મંદિરે મેળો ભરાયો

ખેડબ્રહ્મા હરણાવ, કોસંબી અને ભિમાક્ષી નદીઓના ત્રિવેણી સંગમ કિનારે બિરાજમાન સ્વયંભુ ભૃગુરૂષિના મંદિર નજીક દેવદિવાળીના દિવસે ભવ્ય મેળો ભરાયો હતો. જેમાં હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા. મંદિરમાં દર્શન માટે કતારો લાગી હતી. નદીમાં શ્રદ્ધા અને આસ્થાની હજારો ભક્તો ડુબકી લગાવી ધન્ય બન્યા હતા અને વહેલી સવારે કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી તથા પંચબલીની વિધિઓ પણ કરાવવામાં આવી હતી. ખેડબ્રહ્મા ભૃગુરૂષિના મંદિર નજીક પુનમના દિવસે ગંગા સ્નાન કરવા તથા પિતૃઓના અસ્થિ વિસર્જન માટે લોકો ઉમટી પડ્યા હતા. દેવદિવાળીના દિવસે ભિમાક્ષી નદીમાં અસ્થિ વિસર્જન કરતા તે ઓગળી જતા હોય છે. વહેલી સવારથી જ ઘણા પરિવાર અસ્થિ વિસર્જન તથા મોક્ષની વિધિ માટે આવ્યા હતા. કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા નારાયણબલી, પંચબલી તથા અન્ય વિધિ દ્વારા તર્પણ સંપન્ન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કારતકી પૂનમના મેળામાં મૂળા, ચણીબોર, તથા શિંગોડા ખરીદી ભોળાશંભુને અર્પણ કરી ધન્યતા અનુભવતા હોય છે. મુળા બોર તથા શિંગોડા ભગવાન ભૃગૂરૂષિને ધરાવી પછી જ ખાવાની ઘણા શ્રદ્ધાળુઓને ટેક હોય છે. જે આજે પુરી કરતા હોય છે. ખેડબ્રહ્માના ભૃગુરૂષિ મંદિરે ભરાતો મેળો માલવાનો પણ એક લ્હાવો છે.

ખેડબ્રહ્માના વિવિધ મંદિરમાં અન્નકૂટ ભરાયો

ખેડબ્રહ્મા શહેરમાં અંબિકા માતાજી મંદિર, રાધાકૃષ્ણ મંદિર, નાગણેશ્વરી માતાજી મંદિર, ક્ષિરજામ્બા મંદિર અને વરતોલના ચામુંડા માતાજીના મંદિરમાં કારતક સુદ પૂનમના દિવસે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા શહેર સહિત સમગ્ર જિલ્લાના શ્રદ્ધાળુ ભક્તોએ દર્શનો લાભ લીધો હતો અને ધન્યતા અનુભવી હતી અન્નકૂટની આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ગુજ્જુ રોક સ્ટાર દર્શન રાવલના માતા પિતા મોડાસા શહેરની ઉડતી મુલાકાતે

મોડાસા, તા. ૬

ગુજરાતનું ગૌરવ અને શાન એવા દર્શન રાવલના માતા-પિતા અરવલ્લી જિલ્લાના માલપુર ગામમાં સંબંધીને મળવા જતા રસ્તામાં આવતા મોડાસા શહેરની મુલાકાત કરવાની ઈચ્છા થતાં રાત્રે ૯.૩૦ કલાકે થોડીક જ મિનિટમાં દર્શન રાવલનો ચાહક વર્ગે મોટી સંખ્યામાં ઉપસ્થિત થતાં દર્શન રાવલના માતા પિતા ગદ્‌ગદીત થઈ ઉઠ્યા હતા.

મોડાસા શહેરની જનતા ખુબ જ સંગીતપ્રીય જનતા હોવાના કારણે તેમજ મોડાસા શહેરના લોકો હંમેશા ગુજરાતી લોકોની આગતા સ્વાગતા માટે ખુબ જ જાણીતા છે. જેનો અનુભવ સ્ટાર પ્લસ પર આવતા ઈન્ડીયાસ રો સ્ટાર પોગ્રામમાં દર રવિવારે સાંજે ૭ વાગે ધૂમ મચાવતો અને લાખોની સંખ્યામાં ફેન ધરાવતો ગુજરાતની શાન એવા દર્શન રાવલના માતા-પિતા માલપુર જતા રસ્તામાં આવતા મોડાસા શહેરની મુલાકાત લેવાની ઈચ્છા જાહેર કરતા મોડાસા શહેરના યુવાન આશિષ સોનીએ થોડાક જ સમયમાં મોડાસા મિત્રવર્તુળમાં જાણ કરતા ૨૦૦ થી પણ વધારે સંગીતપ્રેમી યુવાનો અને વડીલો ઉપસ્થિત થઈ ગયા હતા. રોક સ્ટાર દર્શન રાવલના પિતા રાજેન્દ્ર રાવલ અને માતાએ પોતાના પુત્ર એવા દર્શન રાવલ કે જે ગુજરાતનો જાણીતો રોક સ્ટાર પણ હોવાથી પોતાનો પુત્ર રોકસ્ટારમાં વિજય થાય તેવા આશીર્વાદ સાથે દર રવિવારે સાંજે ૭ કલાક પછી ૧૮૦૦ ૮૩૩ ૯૦૦૩ પર દરેક વ્યક્તિએ એક મીસ કોલ કરી વિજેતા બનાવવા અને ગુજરાતનું ગૌરવ વધારવા નમ્ર અપીલ કરી હતી. ઉપસ્થિત યુવાનો તથા વડીલોને ગુજરાતની શાન વધારવા અને દર્શન રાવલને વિજેતા બનાવવા માટે પોતાના ઉપસ્થિત રહી શક્યા ન હોય તેવા મિત્રોને પણ ઉપર જણાવેલ નંબર ઉપર મીસકોલ કરવા જણાવ્યું હતું. મોડાસાના યુવાનોએ પણ દર્શન રાવલને વિજેતા બનાવવા નિર્ધાર કર્યો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

પ્રાંતિજમાં ભારતીય જનતા પાર્ટીનું સ્નેહમિલન યોજાયું

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ તાલુકા અને શહેર ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરોનું સ્નેહમિલન સંલમેન તાજેતરમાં પ્રાંતિજના દશામા મંદિરે યોજાયું હતું.

નૂતન વર્ષ નિમિત્તે પ્રાંતિજ શહેર અને તાલુકા ભાજપના કાર્યકરો અને હોદ્દેદારોનું સંયુકત સ્નેહમિલન સમારોહ પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. સમારોહમાં ભાજપના સાંસદ દિપસિંહ રાઠોડ, પૃથ્વીરાજ ચૌહાણ, જયેન્દ્રસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, નિત્યાનંદ બ્રહ્મભટ્ટ, મનુભાઈ રામ ચંદાણી સહિત અનેક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારતીય જનતા પાર્ટીને મજબુત બનાવવા ચર્ચાઓ કરવામાં આવી હતી.

દેવ દિવાળીએ તલોદના નાગણેશ્વરી મંદિરે છપ્પનભોગ અન્નકૂટ ધરાવાયો

તલોદ, તા. ૬

તલોદમાં દેવ દિવાળી નિમિત્તે નાગણેશ્વરી માતાજીના મંદિરે છપ્પનભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંદિરના પરિસરને ફુલડા અને દિવડાથી પ્રકાશીત કરી વહેલી સવારે મહાઆરતી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં માઈ ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

મંદિરના મહંત જીતુસિંહ રાઠઓડે હજારો ભાવિભક્તોએ કક્ષા કવચ બાંધી આશીર્વચન પાઠવ્યા હતા અને ધાર્મિક કાર્યમાં જોડાઈ પ્રભુભક્તિ કરવા આહ્‌વાન કર્યું હતું અને સર્વ ભાવિકોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. અન્નકૂટ કાર્યક્રમનું સફળ આયોજન મંદિરના મહંત જીતુસિંહ, જાકુર હુસેન શેખ, મિલન મોદી, કૃષ્ણકાંત પરમાર, હેમુભાઈ સોલંકી, સંજય શાહ, રમેશભાઈ વણઝારા, ટીનાભાઈ પ્રજાપતિ, મુકેશભાઈ મોદી, પ્રકાશભાઈ વગેરે કાર્યકરો-સેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અંતે દેવ દિવાળીની સંધ્યાએ હજારોની સંખ્યામાં દિવડા પ્રગટાવી મહાઆરતી કરવામાં આવી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના પૌરાણિક મેલડી માતા મંદિરે દેવદિવાળી નિમિત્તે ભવ્ય હવન અને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આરતી, શ્રીફળ, હોમ-હવન, પૂજા અને મહા આરતી સાથે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

બાયડ તાલુકાના અલવા કંપા નજીક ટ્રક અને બાઈક અકસ્માતમાં એકનુ મોત

મોડાસા તા. ૬

અરવલ્લી જિલ્લામાં દિન પ્રતીદીન અકસમાતોની સંઘયામાં વધારો થવા પામ્યો છે. પોલીસ ધ્વારા ગઈકાલે જ ટ્રાફીક નીયમન અંગે કેટલાક કાયદાઓ બનાવીને અકસ્માતોની સંખયા ઘટાડવા માટે ગઈકાલે જ એક મીટીગનુ આયોજન કર્યુ હતુ, ત્યારે આજે બાયડ તાલુકાના અલવાકંપા ગામે ટ્રકચાલકે બાઈકસવારને સામેથી ટકકર મારતા બાઈકચાલકનુ ઘટના સ્થળે જ મોત થવા પામ્યુ હતુ.

જયારે અકસ્માતના સમાચાર મૃતકના પરીવારજનોને થતાં જ જોતજોતામાં તો રોડ ઉપર મૃતકના સગાવહાલાઓના ટોળા એકઠા થઈ ગયા હતા અને એક સમયે તો મૃતકના પરીવારજનો ધ્વારા રોડ ઉપરથી ડેડબોડી લેવાનો ઈનકાર કરી દીધો હતો. પરંતુ બાયડ પી.એસ.આઈ વીરલ પટેલની સમજાવટ બાદ પરીવારજનો લાશને લઈને પી.એમ. માટે લઈ ગયા હતા

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર આજે બપોરે બાર વાગ્યાના સંમારે બાયડ તાલુકાથી આશરે આઠ કી.મી.ના અંતરે આવેલ અલવા કંપા નજીક એક પરપ્રાંતીય ટ્રક ધ્વારા આકરૂન્દ નજીક આવેલ દેવપુરા ગામના રહેવાસી ભેમાભાઈની બાઈકને રોગ સાઈડેથી આવીને ટકકર મારતા યુવાન રોડ ઉપર ફંગોડાઈ ગયો હતો અને શરીરે ગંભીર ઈજાઓ થતાં યુવકનુ ઘટના સ્થળ ઉપર જ મોત નીપજયુ હતુ. જયારે ટ્રક ચાલક અકસ્માત સર્જીને ભાગી છુટયો હતો. આ અંગે બાયડ પી.એસ.આઈ વીરલ પટેલે ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)

તલોદમાં તાલુકા ભાજપનો સ્નેહ મિલન સમારોહ યોજાયો

તાજપુર કેમ્પ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા અને શહેરના ભાજપના કાર્યકરોનો નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં તાલુકાના કાર્યકરો જોડાયા હતા.

આ સ્નેહમિલન સમારંભમાં સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી વી.ડી. ઝાલા, ભાજપ મહામંત્રી જશુભાઈ પટેલ, હિરેન ગોર, ગજેન્દ્રસિંહ, માર્કેટયાર્ડના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, પ્રમુખ બંસીલાલ મહેતા, કે.બી. રાઠોડ, શિવુભાઈ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને તમામે નવા વર્ષની એક બીજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

માઈકાનો કેમ્પસ ડિસએબીલીટી ફ્રેન્ડલી બનશે

સ્ટ્રેટેજીક માર્કેટીંગ અને કોમ્યુનિકેશનમાં ભારતની ટોચની સંસ્થા માઈકા તેનો કેમ્પસ નવેસરથી તૈયાર કરીને ડિસએબીલીટી ફ્રેન્ડલી બનાવશે. આ કેમ્પમસાં આવા વિશેષ વિદ્યાર્થીઓને અનુરૂપ સુવિધાઓ સામેલ કરવામાં આવશે. જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં કામકાજનું પ્રથમ ચરણ પૂર્ણ થશે.

સરળતાથી પહોંચ માટે સંપૂર્ણ કેમ્પસને ડિસેબેલિટી ફ્રેન્ડલી બનાવાશે. કેમ્પસમાં તમામ બિલ્ડીંગ્સ, હોસ્ટેલ, બ્લોક્સનાં ગ્રાઉન્ડ ફ્લોરમાં રેમ્પસ મુકવામાં આવશે. ઈન્સ્ટિટ્યુટ તેના તમામ વોકવેઝ અને પથવેઝનું રિસર્ફેસીંગ કરશે. હાલમાં કેમ્પસમાં બ્રીક એજ ફોન સરફેસીસ છે. તેના સ્થાને આવા વિદ્યાર્થીઓને સુગમતા રહે તે હેતુસર આરસીસી ફિનિશ અથવા પેવીંગ બ્લોક્સ તૈયાર કરવામાં આવશે. આ પરિવર્તન વિદ્યાર્થીઓનાં સર્વિસ વિસ્તાર, માયકાફે પ્લાઝા, પાર્કીંગ વિસ્તારો વગેરેમાં આવશે. આ ઉપરાંત બિલ્ડીંગ્સમાં ટ્રેકશન લિફ્ટસ અને હાયડ્રોલિક લિફ્ટસ પણ મુકવામાં આવશે જેથી ક્લાસરૂપમ્સમાં ઝડપથી પહોંચી શકાય.

માઈકાનાં પ્રેસિડેન્ટ અને ડાયરેક્ટર ડૉ. નારેશ રાવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'માઈકામાં અમને ડિસએબિલીટી ફ્રેન્ડલી આંતરમાળખું ઉભુ કરતા આનંદ થાય છે. તમામ રેમ્પસ, લિફ્ટસ્, વોકવેઝ અને પથવેઝનાં રિસફેસીંગ વગેરે નિશ્ચિત આર્કિટેક્ચલ ધોરણો પ્રમાણે કરવામાં આવશે. આ પરિવર્તન ટેકનિકલ અને એસ્થેટિકલી મજબૂત હશે અને શારીરિક રીતે વિકલાંગ વિદ્યાર્થીઓ માટે બિલ્ડીંગોમાં સરળતાથી પ્રવેશ થઈ શકશે.'

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં ભેંસના કુખે વિચીત્ર પ્રકારનું બે મોંઢાવાળુ બચ્ચું જન્મતાં કુતુહલ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં ભેંસના કુખે વિચીત્ર પ્રકારનું બે મોંઢાવાળુ બચ્ચું જન્મતાં કુતુહલ સર્જાયું હતું. દુર-દુરથી બચ્ચાને જોવા લોકોના ટોળેટોળા પશુપાલકના ઘરે ઉમટ્યા હતા.શૈલેષભાઈ મોથલીયાના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં પશુપાલક નાનજીભાઈ સુકાજી અસારીના ઘરે તાજેતરમાં એક ભેંસના કુખે બે મોંઢાવાળા બચ્ચાનો જન્મ થતાં ભારે કુતુહલ સર્જાયું હતું. બે મોંઢાવાળા પાડાનો જન્મ થતાં લોકો અશ્ચર્યમાં મુકાયા હતા અને પાડો રુષ્ટપુષ્ટ હતો. આ વિચીત્ર પ્રકારના ભેંસના બચ્ચાને જોવા આજુ-બાજુના વિસ્તારમાંથી લોકો ઉમટ્યા હતા. માનવી કુદરતની માયાને પામ્યો નથી અને પામવાનો પણ નથી.જાણે કે કળિયુગમાં હવે ન કલ્પી શકાય તેવી અજીબોગરીબ ઘટનાઓ જોવા મળી રહે છે.ખરેખર આ તો કુદરતનો કમાલ જ કહેવાય!

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
 પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦